અગત્યનું

ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૦/૧૯૮૮-૨૦૨૨
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૨૮/૦૭/૨૦૨૦

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય:- દૂરદર્શન 'ડી.ડી. ગિરનાર' ચેનલ પરથી ધોરણ-૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે HOME LEARNING કાર્યક્રમ અંતર્ગત શૈક્ષણિક કાર્યક્રમોનું પ્રસારણ નિહાળવા બાબત.

સંદર્ભ:-૧. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:પીઆરઈ/૧૧/૨૦૨૦/૧૯૨૯૩૧/ક, તા.૦૫/૦૬/૨૦૨૦

૨. સર્વ શિક્ષા કચેરીના પત્રક્રમાંક: એસ.એસ.એ./QEM/2020/૧૬૧૦૮-૧૬૧૭૮ તા.૦૮/૦૬/૨૦૨૦

૩. અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૦/૧૬૮૬-૧૭૨૦, તા.૧૦/૦૬/૨૦૨૦

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ૮ જુનથી શરુ થયેલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧માં હાલની કોરોના મહામારીને કારણે વિદ્યાર્થીઓને શાળાઓમાં બોલાવી શૈક્ષણિક કાર્ય કરાવી શકાય તેમ નથી. જેથી વિદ્યાર્થીઓના શૈક્ષણિક કાર્ય માટે રાજ્ય કક્ષાએથી ધો-૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે તૈયાર કરેલ શૈક્ષણિક કાર્યક્રમોનું બાયસેગ દ્વારા 'વંદે ગુજરાત' ચેનલ નં.-૯ થી ૧૨ પરથી ચોવીસ કલાક પ્રસારણ થઇ રહ્યું છે. દૂરદર્શનની ડી. ટી.એચ. સર્વિસ ડી. ડી. ફ્રી ડીશ પર 'વંદે ગુજરાત' ચેનલ ઉપલબ્ધ છે. આ ઉપરાંત, તા.૧૫.૦૬.૨૦૨૦થી ટી.વી.ના માધ્યમથી એટલે કે દૂરદર્શન કેન્દ્ર ડી.ડી. ગિરનાર ચેનલથી શૈક્ષણિક કાર્યક્રમોનું પ્રસારણ શરૂ થયેલ છે. આ અંગે તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓ તથા શિક્ષકો દ્વારા વાલીઓ તેમજ વિદ્યાર્થીઓને આ "હોમ લર્નિંગ" કાર્યક્રમની જાણકારી આપવા માટે અત્રેના સંદર્ભ-૩ દર્શિત પત્રથી જણાવવામાં આવેલ છે.

કોરોના મહામારીને કારણે વિદ્યાર્થીઓ ઘરે રહીને અભ્યાસ કરી શકે તે માટે તા.૧૫.૦૬.૨૦૨૦થી ધો- ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે "હોમ લર્નિંગ" કાર્યક્રમનું ડી.ડી. ગિરનાર ચેનલ પરથી પ્રસારણ શરૂ થયેલ છે. આ સાથે ઓગસ્ટ માસના શૈક્ષણિક કાર્યક્રમોના પ્રસારણનું સમયપત્રક સામેલ છે. જેમાં દર્શાવેલ તારીખ અને સમય મુજબ જે તે ધોરણના વિદ્યાર્થીઓ બિનચૂક આ કાર્યક્રમ નિહાળી પોતાના શૈક્ષણિક કાર્યમાં અભિવૃદ્ધિ કરે તે માટે આપની કક્ષાએથી આચાર્યશ્રીઓ તથા શિક્ષકશ્રીઓને તાત્કાલિક જાણ કરી કાર્યક્રમની સફળતા માટે જરૂરી આયોજન કરવા જણાવવામાં આવે છે.

વિશેષમાં, વિદ્યાર્થીઓ જયારે કાર્યક્રમ નિહાળે ત્યારે જણાવેલ સમયપત્રક મુજબના પાઠ્યપુસ્તક, પેન-પેન્સિલ, નોટબુક જેવી જરૂરી શૈક્ષણિક સામગ્રી સાથે લઈને બેસે અને તેમાં જરૂરી નોંધ કરે તેની તકેદારી રાખવા અંગે જરૂરી સૂચના તથા માર્ગદર્શન આપવા પણ જણાવવામાં આવે છે.

આ "હોમ લર્નિંગ" માટે શાળાના આચાર્યશ્રીઓ તથા શિક્ષકશ્રીઓના સંપર્કમાં રહી પ્રત્યેક બાળક આ પ્રસારણ નિહાળે અને અધ્યયન કરે તે અંગે માર્ગદર્શન અને મોનીટરીંગ માટે આપની કક્ષાએથી યોગ્ય આયોજન કરવા જણાવવામાં આવે છે. આ અંગે આપના તાબા હેઠળની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ દ્વારા જરૂરી કાર્યવાહી કરવામાં આવે તે માટે તેઓને જાણ કરવા વિનંતી કરવામાં આવે છે.

(બી. એન. રાજગોર)
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

બિડાણ: ઓગસ્ટ માસના પ્રસારણનું સમય પત્રક

નકલ સવિનય રવાના:-

- માન. અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ,ગાંધીનગર.

## દૂરદર્શન પ્રસારણ ઓગસ્ટ- 2020

| તારીખ | વાર | (સમય:12-1) | | | (સમય:3-4) | | |
|---|---|---|---|---|---|---|---|
| 01-08-20 | શનિવાર | ધોરણ-9 | વિજ્ઞાન : | ગતિ પ્ર-8 ભાગ-4 | ધોરણ-12 | ભૌતિક વિજ્ઞાન : | સ્થિતવિદ્યુત સ્થિતિમાન અને કેપેસિટન્સ પ્ર-2 ભાગ-1 |
| 02-08-20 | રવિવાર | ધોરણ-9 | વિજ્ઞાન : | ગતિ પ્ર-8 ભાગ-5 | ધોરણ-12 | ભૌતિક વિજ્ઞાન : | સ્થિતવિદ્યુત સ્થિતિમાન અને કેપેસિટન્સ પ્ર-2 ભાગ-2 |
| 03-08-20 | સોમવાર | ધોરણ-9 | વિજ્ઞાન : | ગતિ પ્ર-8 ભાગ-6 | ધોરણ-12 | ભૌતિક વિજ્ઞાન : | સ્થિતવિદ્યુત સ્થિતિમાન અને કેપેસિટન્સ પ્ર-2 ભાગ-3 |
| 04-08-20 | મંગળવાર | ધોરણ-9 | વિજ્ઞાન : | ગતિ પ્ર-8 ભાગ-7 | ધોરણ-12 | ભૌતિક વિજ્ઞાન : | સ્થિતવિદ્યુત સ્થિતિમાન અને કેપેસિટન્સ પ્ર-2 ભાગ-4 |
| 05-08-20 | બુધવાર | ધોરણ-9 | વિજ્ઞાન : | ગતિ પ્ર-8 ભાગ-8 | ધોરણ-12 | ભૌતિક વિજ્ઞાન : | સ્થિતવિદ્યુત સ્થિતિમાન અને કેપેસિટન્સ પ્ર-2 ભાગ-5 |
| 06-08-20 | ગુરૂવાર | ધોરણ-10 | ગણિત : | સમાંતર શ્રેણી પ્ર-5 ભાગ-1 | ધોરણ-12 | ભૌતિક વિજ્ઞાન : | સ્થિતવિદ્યુત સ્થિતિમાન અને કેપેસિટન્સ પ્ર-2 ભાગ-6 |
| 07-08-20 | શુક્રવાર | ધોરણ-10 | ગણિત : | સમાંતર શ્રેણી પ્ર-5 ભાગ-2 | ધોરણ-12 | આંકડાશાસ્ત્ર : | સૂચક આંક પ્ર-1 ભાગ-1 |
| 08-08-20 | શનિવાર | ધોરણ-10 | ગણિત : | સમાંતર શ્રેણી પ્ર-5 ભાગ-3 | ધોરણ-12 | આંકડાશાસ્ત્ર : | સૂચક આંક પ્ર-1 ભાગ-2 |
| 09-08-20 | રવિવાર | ધોરણ-10 | ગણિત : | સમાંતર શ્રેણી પ્ર-5 ભાગ-4 | ધોરણ-12 | આંકડાશાસ્ત્ર : | સૂચક આંક પ્ર-1 ભાગ-3 |
| 10-08-20 | સોમવાર | ધોરણ-10 | ગણિત : | સમાંતર શ્રેણી પ્ર-5 ભાગ-5 | ધોરણ-12 | આંકડાશાસ્ત્ર : | સૂચક આંક પ્ર-1 ભાગ-4 |
| 11-08-20 | મંગળવાર | ધોરણ-9 | અંગ્રેજી (SL) : | The River Poem-1 | ધોરણ-12 | આંકડાશાસ્ત્ર : | સૂચક આંક પ્ર-1 ભાગ-5 |
| 12-08-20 | બુધવાર | ધોરણ-10 | વિજ્ઞાન : | પ્રકાશ-પરાવર્તન અને વક્રીભવન પ્ર-10 ભાગ-1 | ધોરણ-12 | આંકડાશાસ્ત્ર : | સૂચક આંક પ્ર-1 ભાગ-6 |
| 13-08-20 | ગુરૂવાર | ધોરણ-10 | વિજ્ઞાન : | પ્રકાશ-પરાવર્તન અને વક્રીભવન પ્ર-10 ભાગ-2 | ધોરણ-11 | ગણિત : | સંબંધ અને વિધેયો પ્ર-2 ભાગ-1 |
| 14-08-20 | શુક્રવાર | ધોરણ-10 | વિજ્ઞાન : | પ્રકાશ-પરાવર્તન અને વક્રીભવન પ્ર-10 ભાગ-3 | ધોરણ-11 | ગણિત : | સંબંધ અને વિધેયો પ્ર-2 ભાગ-2 |
| 15-08-20 | શનિવાર | ધોરણ-10 | વિજ્ઞાન : | પ્રકાશ-પરાવર્તન અને વક્રીભવન પ્ર-10 ભાગ-4 | ધોરણ-11 | ગણિત : | સંબંધ અને વિધેયો પ્ર-2 ભાગ-3 |
| 16-08-20 | રવિવાર | ધોરણ-10 | વિજ્ઞાન : | પ્રકાશ-પરાવર્તન અને વક્રીભવન પ્ર-10 ભાગ-5 | ધોરણ-11 | ગણિત : | સંબંધ અને વિધેયો પ્ર-2 ભાગ-4 |
| 17-08-20 | સોમવાર | ધોરણ-10 | અંગ્રેજી (SL) : | The Human Robot Read 2 Part 1 | ધોરણ-12 | ગણિત : | ત્રિકોણમિતીય પ્રતિવિધેયો પ્ર-2 ભાગ-1 |
| 18-08-20 | મંગળવાર | ધોરણ-10 | અંગ્રેજી (SL) : | The Human Robot Read 2 Part 2 | ધોરણ-12 | ગણિત : | ત્રિકોણમિતીય પ્રતિવિધેયો પ્ર-2 ભાગ-2 |
| 19-08-20 | બુધવાર | ધોરણ-9 | ગણિત : | યુક્લિડની ભૂમિતિનો પરિચય પ્ર-5 ભાગ-1 | ધોરણ-12 | ગણિત : | ત્રિકોણમિતીય પ્રતિવિધેયો પ્ર-2 ભાગ-3 |
| 20-08-20 | ગુરૂવાર | ધોરણ-9 | ગણિત : | યુક્લિડની ભૂમિતિનો પરિચય પ્ર-5 ભાગ-2 | ધોરણ-11 | જીવ વિજ્ઞાન : | જૈવિક વર્ગીકરણ પ્ર-2 ભાગ-1 |
| 21-08-20 | શુક્રવાર | ધોરણ-9 | ગણિત : | યુક્લિડની ભૂમિતિનો પરિચય પ્ર-5 ભાગ-3 | ધોરણ-11 | જીવ વિજ્ઞાન : | જૈવિક વર્ગીકરણ પ્ર-2 ભાગ-2 |
| 22-08-20 | શનિવાર | ધોરણ-9 | ગણિત : | યુક્લિડની ભૂમિતિનો પરિચય પ્ર-5 ભાગ-4 | ધોરણ-12 | રસાયણ વિજ્ઞાન : | વિદ્યુત- રસાયણવિજ્ઞાન પ્ર-3 ભાગ-1 |
| 23-08-20 | રવિવાર | ધોરણ-10 | ગણિત : | યામભૂમિતિ પ્ર-7 ભાગ-1 | ધોરણ-12 | રસાયણ વિજ્ઞાન : | વિદ્યુત- રસાયણવિજ્ઞાન પ્ર-3 ભાગ-2 |
| 24-08-20 | સોમવાર | ધોરણ-10 | ગણિત : | યામભૂમિતિ પ્ર-7 ભાગ-2 | ધોરણ-12 | રસાયણ વિજ્ઞાન : | વિદ્યુત- રસાયણવિજ્ઞાન પ્ર-3 ભાગ-3 |
| 25-08-20 | મંગળવાર | ધોરણ-10 | ગણિત : | યામભૂમિતિ પ્ર-7 ભાગ-3 | ધોરણ-12 | રસાયણ વિજ્ઞાન : | વિદ્યુત- રસાયણવિજ્ઞાન પ્ર-3 ભાગ-4 |
| 26-08-20 | બુધવાર | ધોરણ-10 | ગણિત : | યામભૂમિતિ પ્ર-7 ભાગ-4 | ધોરણ-12 | રસાયણ વિજ્ઞાન : | વિદ્યુત- રસાયણવિજ્ઞાન પ્ર-3 ભાગ-5 |
| 27-08-20 | ગુરૂવાર | ધોરણ-10 | વિજ્ઞાન : | ઍસીડ, બેઇઝ અને ક્ષાર પ્ર-2 ભાગ-1 | ધોરણ-12 | જીવ વિજ્ઞાન : | માનવ-પ્રજનન પ્ર-3 |
| 28-08-20 | શુક્રવાર | ધોરણ-10 | વિજ્ઞાન : | ઍસીડ, બેઇઝ અને ક્ષાર પ્ર-2 ભાગ-2 | ધોરણ-12 | નામાનાં મૂળ તત્વો | ભાગીદારી પેઢીના વાર્ષિક હિસાબો પ્ર-2 ભાગ-1 |
| 29-08-20 | શનિવાર | ધોરણ-10 | વિજ્ઞાન : | ઍસીડ, બેઇઝ અને ક્ષાર પ્ર-2 ભાગ-3 | ધોરણ-12 | નામાનાં મૂળ તત્વો | ભાગીદારી પેઢીના વાર્ષિક હિસાબો પ્ર-2 ભાગ-2 |
| 30-08-20 | રવિવાર | ધોરણ-10 | વિજ્ઞાન : | ઍસીડ, બેઇઝ અને ક્ષાર પ્ર-2 ભાગ-4 | ધોરણ-12 | નામાનાં મૂળ તત્વો | ભાગીદારી પેઢીના વાર્ષિક હિસાબો પ્ર-2 ભાગ-3 |
| 31-08-20 | સોમવાર | ધોરણ-9 | વિજ્ઞાન : | નૈસર્ગિક સ્રોતો પ્ર-14 ભાગ-1 | ધોરણ-12 | નામાનાં મૂળ તત્વો | ભાગીદારી પેઢીના વાર્ષિક હિસાબો પ્ર-2 ભાગ-4 |